

# બેડરૂમની દીવાલો પર કયા કલર કોમ્બિનેશન સારા લાગશે?

વૈવિધ્ય

બેડરૂમ એ તમારા ઘરની સૌથી મહત્વપૂર્ણ જગ્યાઓમાંથી એક છે. દિવસભરની ભાગદોડ બાદ તમે ત્યાં રીલેક્સ થઈ થાક દૂર કરી શકો છો, ચેનભરી ઊંઘ લઈ શકો છો. બેડરૂમની દીવાલો બે રંગના કોમ્બિનેશનથી સુંદર અને આવકારદાયક બનાવી શકાય છે. જગ્યાને નિખારવામાં રંગો નિર્ણાયક ભૂમિકા ભજવે છે. દરેક રંગની પોતાની સુંદરતા અને મહત્ત્વ હોય છે, ત્યારે એવા બે રંગો પસંદ કરવા જે એકસાથે સારા લાગે તે નક્કી કરવું એક કળા છે. કયા બે કલરનું કોમ્બિનેશન કરવું એ તમારી પસંદ છે.

બેડરૂમમાં કલર કોમ્બિનેશન શક્તિશાળી અસર ધરાવે છે, તેથી સમજદારીપૂર્વક પસંદગી કરવી અને વિવિધ રંગોની અસર જાણવી જરૂરી છે. કલર કોમ્બિનેશન તમારા મૂડને પણ અસર કરી શકે છે. તેથી તમે વિવિધ વિકલ્પોમાંથી પસંદ કરી શકો છો.

## કલર કોમ્બિનેશન:

## નેવી બ્લૂ અને વ્હાઇટ



સફેદ પેનલ્સ સાથે નેવી બ્લૂ દીવાલો અદભુત કલર કોમ્બિનેશન છે. જ્યારે બેડરૂમ માટે બે કલર કોમ્બિનેશન પસંદ કરવાની વાત હોય ત્યારે તમે સફેદ સાથે કોઈ પણ રંગ મેચ કરી શકો છો. સફેદ રંગ શુદ્ધતા, સાદગી, તાજગીનું પ્રતીક છે. નેવી બ્લૂ પાવર અને મહત્ત્વ દર્શાવે છે. દીવાલો પર આ સંયોજનનો ઉપયોગ કરો ત્યારે તમારી જગ્યાને જીવંત બનાવવા ફ્લોર પર લાકડાના ફ્લોરિંગ, જ્યુટ રગ અથવા બેજ કાર્પેટ જેવા અર્થી કલરનો ઉપયોગ કરો.

## પીળો અને ક્રીમ .

આશા અને સકારાત્મકતાથી ભરેલો પીળો રંગ- સૂર્યનો રંગ બેડરૂમની દીવાલો પર સારો લાગે છે. તેમાં ક્રીમનો ટોન ઉમેરો અને તમારો બેડરૂમ ખુશખુશાલ, યુથફૂલ મૂડ લાવશે. ન્યૂટ્રલ અને શાંત ક્રીમ એક એવો ટોન છે જે માત્ર પીળા રંગ સાથે જ મેળ ખાતો નથી પણ તે તેની આસપાસની વસ્તુ સાથે પણ મેચ થાય છે.





રૂમમાં થોડું મિનિમલ અને વ્યક્તિગત ડેકોર કરી આરામદાયક જગ્યા બનાવો.

## મિન્ટ ગ્રીન એન્ડ વ્હાઇટ

જો તમે એક એવી વ્યક્તિ છો કે જે ઓફિસમાં હંમેશાં તણાવપૂર્ણ હોય છે, તો બેડરૂમની દીવાલો માટે મિન્ટ ગ્રીન અને સફેદ રંગનું કોમ્બિનેશન પસંદ કરો. મિન્ટ ગ્રીન અથવા ગ્રીનના મ્યૂટ શેડ્સની તેની આસપાસના વાતાવરણ પર શાંત અસર થાય છે. ગ્રીન શેડમાં તમને તાજગી અનુભવવાની શક્તિ છે. તેને મ્યૂટ વ્હાઈટ સાથે પેર કરો. એક એવો રૂમ જેમાં તમે રાત્રે શાંતિ અને આરામથી સૂઈ શકશો.

## લાલ અને ગ્રે

લાલ પ્રેમનો રંગ છે અને તે તાકાત અને પાવરનો રંગ છે. જો તમે તમારા બેડરૂમની ઓછામાં ઓછી એક દીવાલ માટે લાલ કલર પસંદ કરતાં હો તો તેને લાઈટર ટોન સાથે પેર કરો. એકદમ કોન્ટ્રાસ્ટ સફેદ અથવા તો ક્રીમને બદલે ગ્રે રંગનો શેડ પસંદ કરો જે બોલ્ડ રેડથી કોન્ટ્રાસ્ટ હોય. એ માત્ર રૂમના ટોનને બેલેન્સ કરતું નથી પણ જગ્યાના એકંદર દેખાવમાં પણ સુધારો કરે છે. ગ્રે એ કુલ અને એલિગન્ટ કલર છે.

## બ્લેક એન્ડ વ્હાઇટ

ભવ્ય અને સ્ટાઇલિશ એવા શબ્દો છે જે બેડરૂમની દીવાલો માટે કાળા અને સફેદ બે રંગના સંયોજનને શ્રેષ્ઠ રીતે વર્ણવે છે. સફેદ અને કાળો એકદમ વિરોધાભાસી છે પરંતુ બંનેનું કોમ્બિનેશન સરસ લાગે છે. કાળો પાવર, સત્તા અને તાકાતનું પ્રતીક છે. બીજી બાજુ, સફેદ નિર્દોષતા, પ્રકાશ, સરળતા અને શુદ્ધતાનું પ્રતિનિધિત્વ કરે છે. તમારા બેડરૂમમાં આ બે રંગો રહસ્યમય અને સોફિસ્ટિકેટેડ વાતાવરણ સર્જે છે. વુડન ફ્લોરિંગ અથવા ટાઇલ્સ પસંદ કરો અને ન્યૂટ્રલ ટોન રગ મૂકો.

## ચોકલેટ બ્રાઉન અને બેજ

બ્રાઉન રંગના બે વિરોધાભાસી શેડ્સ - ચોકલેટ અને બેજ બેડરૂમની દીવાલો માટે એક સરસ કલર કોમ્બિનેશન છે. બ્રાઉન એ સ્થિતિસ્થાપકતા અને સુરક્ષાનો રંગ છે,અને તે હૂંફ અને આરામનો શેડ પણ છે. તેની સાથે બેજ કલર સહેલાઈથી મેચ કરી શકાય. તેઓ સાથે મળીને સંતોષ અને સુખાકારીનું વાતાવરણ બનાવવામાં મદદ કરે છે અને બેડરૂમને સલામત જગ્યા બનાવે છે.





## મસ્ટર્ડ અને ગ્રીન

લીલો રંગ પ્રકૃતિનું પ્રતિનિધિત્વ કરે છે. તે વિપુલતા, વૃદ્ધિ અને સારા નસીબનું પણ પ્રતીક છે. મસ્ટર્ડ કલર હૂંફ અને વૈવિધ્ય દર્શાવે છે. તમને વધુ સારું કરવા પ્રેરણા આપે છે.

કલર સાયકોલોજી મુજબ, બેડરૂમની દીવાલો માટે મસ્ટર્ડ અને ગ્રીન કલર કોમ્બિનેશન આંખોને શાતા આપે છે અને જેઓ થોડી પ્રેરણા શોધી રહ્યા છે તે લોકો માટે પણ સારું છે. જો તમે આ બે યુનિક શેડ્સ અંગે થોડા ચિંતિત હોવ તો સોફ્ટ, યલો લાઇટનો ઉપયોગ કરો અને તમને તમારો મનપસંદ બેડરૂમ મળશે!



## મરૂન અને સફેદ

મરૂન અને સફેદ રંગના કોમ્બિનેશનથી અદભુત જગ્યા સર્જો. જ્યારે મરૂન તમારી જગ્યાને કોઝી લુક આપે છે ત્યારે સફેદ તેને વિશાળ બનાવે છે - આ બંનેનું કોમ્બિનેશન બોલ્ડ અને અદભુત છે. ફેંગ શુઈ મુજબ, સફેદનો ઉપયોગ જગ્યામાં સંવાદિતા બનાવવા માટે થાય છે. બીજી બાજુ, મરૂન એ પ્રેમ અને પેશન, સુંદરતા અને આરામનો રંગ છે. મરૂન રંગને નિખારવા માટે દિવસ દરમિયાન કુદરતી પ્રકાશને રૂમમાં પ્રવેશવા દો અને સૂર્ય આથમે તે પછી એક રસપ્રદ અને આમંત્રિત વાતાવરણ સર્જવા માટે સોફ્ટ લાઈટ્સનો ઉપયોગ કરો.